2018-19

# Banaskantha District Kelavani Mandal

Managed

# G. D. MODI COLLEGE OF ARTS

स वो मनासि जानतम्

PROSPECTUS

## PALANPUR

**Affiliated to the H.N.G. Uni. Patan**

Established : 1964

Grant - in - Aid Colleg e

(Reaccredited "B+" Level by NAAC-2014)

("A"Grade by AAA, Edu. Dept. Gujarat-2014)



**G. D. Modi Vidyasankul**

Opp. S.T. Workshop, Highway, Palanpur-385001 (B.K.)

Phone : 02742-253784 Fax :02742-266713


e-mail: gdmca_2000@yahoo.co.in • sgchauhan_2009@yahoo.com

Website: www.gdmarts.org.


**Dr. S. G. Chauhan**

Principal

# Photo Gallery




March Past By N.C.C. Cadets




Battle Drill (N.C.C.)





AIDS-Awareness (N.C.C.)




Rock Climbing (N.C.C.)



Rifle Shooting



Thalassemia Test



Flood Relief (N.S.S.)



Cleanliness Drive (N.S.S.)

આચાર્યશ્રીની કલમે.......

મિત્રો,

સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં જે સમયે કોલેજ કક્ષાનું શિક્ષણ આપતી એકેય શૈક્ષણિક સંસ્થા ન હતી ત્યારે **બનાસકાંઠા ડિસ્ટ્રીકટ કેળવણી મંડળના દીર્ઘદષ્ટા ટ્રસ્ટીઓએ ઈ.સ. ૧૯૬૪ માં 'રણમાં મીઠી વીરડી' સમાન** જિલ્લાની એકમાત્ર આર્ટ્સ કોલેજનો શુભારંભ કર્યો. મંડળના કુશળ નેતૃત્વ અને કુનેહભરી કોઠાસૂઝને કારણે આ કોલેજ આજે એક નાના છોડમાંથી વિશાળ વટવૃક્ષ બનીને અસંખ્ય વિદ્યાર્થીઓના જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પાથરી રહી છે. અનેક પડાવો પછી આ કોલેજ આજે માત્ર ઉત્તર ગુજરાતની જ નહી પરંતુ સમગ્ર ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની પણ ઉત્તમ કોલેજોમાં પ્રસ્થાપિત થઈ ચૂકી છે. સંચાલક મંડળ, આચાર્યશ્રી, અધ્યાપક મિત્રો અને વિદ્યાર્થીઓ આ સર્વેના સહિયારા પ્રયાસથી રાષ્ટ્રીય મૂલ્યાંકન કમિટી (NAAC) દ્વારા પ્રમાણિત થયેલી ઉત્તર ગુજરાતની સર્વ પ્રથમ કોલેજ છે. NAAC દ્વારા આ કોલેજને 'B' ગ્રેડ અને ગુજરાત સરકાર દ્વારા 'A' ગ્રેડ આપવામાં આવેલ છે. આ કોલેજમાં મેરીટના ધોરણે પ્રવેશ આપવામાં આવે છે અને તેમાં પ્રવેશ મેળવવો તે પણ એક ગૌરવની બાબત ગણવામાં આવે છે.

આ કોલેજના લગભગ બધાજ અધ્યાપકો Ph.D ની પદવી ધરાવવા ઉપરાંત મોટાભાગના અધ્યાપકો Ph.D ના માર્ગદર્શક રૂપેની પણ માન્યતાઓ ધરાવે છે. તેઓ રાષ્ટ્રીય તેમજ આંતર રાષ્ટ્રીય પરિસંવાદોમાં ઉપસ્થિત રહીને તેમના શોધપત્રો રજૂ કરીને પોતાની જ્ઞાનવૃધ્ધિ સતત કરતા રહે તેવા ઉત્સાહી અને જે તે વિષયના નિષ્ણાત છે. આ અધ્યાપકો વિવિધ રમત–ગમત , સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કે યોગના ક્ષેત્રોમાં વિદ્યાર્થીઓને સતત માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શકિતઓને બહાર લાવી તેને યુનિવર્સિટી, રાજય કે રાષ્ટ્રીય કક્ષાઓ સુધી પ્રદર્શિત કરવાની તકો પૂરી પાડવા માટે પ્રોત્સાહિત કરે છે.

આ કોલેજની NCC ની પ્રવૃત્તિ એ અતિ નોંધપાત્ર બાબત છે. કોલેજ પાસે NCC ની એક કંપની છે જેમાં ભાઈઓ અને બહેનો બંનેને પ્રવેશ આપવામાં આવે છે. NCC 'C' સર્ટીફિકેટની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં આજે લશ્કર અને પોલીસ વિભાગના વિવિધ હોદ્દાઓ ઉપર સેવાઓ આપી રહયા છે. અહી રાજય સરકાર દ્વારા ચાલતા Spoken English – SCOPE ના વર્ગોની સાથે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે પણ માર્ગદર્શન અને ગ્રંથાલયની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. વળી, રાષ્ટ્રીય સેવા યોજના NSS દ્વારા વિદ્યાર્થી ભાઈ– બહેનોને નિયમિત પ્રવૃત્તિઓ તેમજ વાર્ષિક શિબિરો દ્વારા સામાજિક સેવાઓ અને રાષ્ટ્રીય કક્ષાએ નેતૃત્વ કળા વિકસાવવાની તકો મળે છે.

ડીજીટલ પ્રોજેકટરની સુવિધાઓ સજ્જ વિશાળ વર્ગખંડો, ઉત્તમ વિશાળ ગ્રંથાલય, હોસ્ટેલ, જીમ્નેશીયમ હોલ, ક્રિકેટનું ઉત્તમ મેદાન, કેન્ટીન જેવી આધુનિક સુવિધાઓ ધરાવતું અમારું ઉત્તર ગુજરાતનું એકમાત્ર શૈક્ષણિક સંકુલ છે. અમારી કોલેજમાં એસ.સી., એસ.ટી., માઈનોરીટી તેમજ પછાત વર્ગના વિદ્યાર્થીઓને રાજય સરકારની વિવિધ શિષ્યવૃત્તિઓ નિયમિત અપાય છે તો તેજસ્વી વિદ્યાર્થીઓને મંડળ દ્વારા વિવિધ શિષ્યવૃત્તિઓ આપીને સન્માનિત કરાય છે. વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારની નાણાંકીય સહાય મળી રહે તે હેતુથી મંડળ/ કોલેજ વિવિધ સંસ્થાઓના સંપર્કમાં રહે છે. આ વર્ષે મહિન્દ્રા ફાઈનાન્સ દ્વારા રૂા. ૫,૮૦,૦૦૦/– ની શિષ્યવૃત્તિ વિદ્યાર્થીઓને આપવામાં આવી છે. કેમ્પસ ઈન્ટરવ્યુંના આયોજન દ્વારા નોકરીઓની તકો પણ પુરી પાડવામાં આવે છે.

બનાસકાંઠાની ગૌરવ રૂપ ગ્રાન્ટ ઈન એઈડ કોલેજના આ માહિતી પત્રક દ્વારા અમારી કોલેજની વિવિધ સુવિધાઓ, શિષ્યવૃત્તિઓ, અભ્યાસુ અધ્યાપકો, વિવિધ રમત– ગમત તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિશેની માહિતી આપના સુધી પહોંચાડવાનો અમારો નમ્ર પ્રયાસ છે.

આવી જિલ્લાની જૂની અને આધુનિક સુવિધાઓથી સજ્જ કોલેજમાં પ્રવેશ મેળવનાર સર્વે વિદ્યાર્થીઓને અભિનંદન સાથે તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામના.

**આચાર્યશ્રી**
**ડૉ. એસ.જી. ચૌહાણ**

# AIM AND OBJECTIVES

**Vision:** **"We shall go always a little further"**

**Aim:** "Broader, Higher, Deeper"

**Mission :** To spread and promote higher education for the sustainable development of the nation.

**Objectives:** Being economically and educationally backward district, our objectives are determined by the contextual necessities. Over 70% of the students come from the so called lower strata of the society. Most of them come here to enable themselves to earn livelihood after the completion of their studies. Hence, our prime objective is to help them achieve their aspirations. Of course, we are wedded to far too obvious objectives as there can be of any educational institution viz. mental, physical, aesthetic, social, spiritual and economic progress, ensuring all round growth of an adult individual and further inculcating in them the virtues of hard work, honesty, fairness, tolerance etc., our prime objective is to prepare fearless men and women who can shirk off the vagaries of life, taking every thing in their strides and showing some character, vis-à-vis destiny.

# Banaskantha District Kelavani Mandal, Palanpur

## Managing Committee Members

| | | |
|---|---|---|
| 1. | Shri Shirishkumar M. Modi | (President) |
| 2. | Shri Sunilkumar B. Shah | (Secretary) |
| 3. | Shri Rameshchandra V. Shah | (Joint Secretary) |
| 4. | Shri Farmanali H. Syed | (Member) |
| 5. | Shri Mehulbhai D. Patel | (Member) |
| 6. | Shri Smt. Meenaben R. Somani<br>(B. K. Mercantile Co. Bank Ltd.) | (Member) |
| 7. | Shri Rajesh R. Vakil | (Member) |
| 8. | Dr. Umakant P. Pandya | (Member) |
| 9. | Shri Virchandbhai M. Khadalia | (Member) |
| 10. | Dr. S. G. Chauhan<br>(G. D. Modi College of Arts, Palanpur) | (Principal) |
| 11. | Dr. Y. B. Dabgar<br>(R.R.Metha College of Science & C. L. Parikh College of Commerce, Palanpur) | (Principal) |
| 12. | Dr. Smt. Ravindan R. Karnani<br>(B. K. Marcantile Bank Law College, Palanpur) | (I/c. Principal) |
| 13. | Dr. R. B. Patel<br>(M.A.Parikh Fine Arts & Arts College, Palanpur) | (Principal) |
| 14. | Smt. N. S. Gupta<br>(Smt. B.K. Mehta I. T. Center (B.C.A.College) | (I/c. Principal) |
| 15. | Shri B. H. Joshi<br>(B. L. Parikh College of B.B.A.,Palanpur) | (I/c. Principal) |
| 16. | Shri A. B. Mehta | (Assistant Director) |

# Subjects offered

| Programme | Subjects |
| --- | --- |
| **Bachelor Degree (B.A. Sem-1 & 2)** | **Core Compulsory-CC (Main)**<br>(1) English (2) Gujarati<br>(3) Sanskrit (4) Economics |
| | **Foundation Compulsory**<br>(1) Sanskrit |
| | **Core Elective - CE (FS)**<br>(1) Political Science (2) History<br>(3) Hindi (4) Philosophy |
| | **Elective Open - EO (SS)**<br>(1) Political Science (2) History<br>(3) Hindi (4) Philosophy |
| | **Elective Generic - EG**<br>**Sem-1**<br>(1) Computer Skills I<br>(2) Indian Constitution<br>(3) Indian Epic Tradition (Aadikavyo)<br>**Sem-2**<br>(1) Indian Geography<br>(2) Sports & Practice<br>(3) National Ethics |
| **Bachelor Degree (B.A. Sem-3 & 4)** | **Core Compulsory-CC (Main)**<br>(1) English (2) Gujarati<br>(3) Sanskrit (4) Economics |
| | **Core Elective - CE (FS)**<br>(1) Political Science (2) History<br>(3) Hindi (4) Philosophy |
| | **Elective Generic - EG**<br>**Sem-3**<br>(1) Environment Science<br>(2) Disaster Management<br>**Sem-4**<br>(1) Cultural Heritage of Gujarat<br>(2) The Ideas of National Making of Gandhi, Sardar & Swami Vivekanand<br>(3) Social Ethics |
| **Bachelor Degree (B.A. Sem-5 & 6)** | **Core Compulsory-CC (Main)**<br>(1) English (2) Gujarati<br>(3) Sanskrit (4) Economics |
| | **Elective Generic - EG**<br>**Sem-5**<br>(1) Indian History (Modern Period)<br>(2) Human Rights<br>(3) Library as a learning Resource Center<br>**Sem-6**<br>(1) Health Management & Diet<br>(2) Personality Development<br>(3) Indian Trible Culture |
| **English will remain compulsory subject in all six semesters** | |
| **Master Degree Programme (M.A.)**<br>**Four Semesters Degree Course** | (1) English Entire<br>(2) Gujarati Entire |

**Note : There will be internal as well as external evaluation of each paper and subject in all the semesters.**

## * Departments in College

| | | | |
|---|---|---|---|
| **English:** | Dr. S.G.Chauhan | - | Principal |
| | Dr. M.R.Raval | - | Asso. Professor |
| | Prof. M.M.Raval | - | Asso. Professor |
| | Dr. M.M.Dave | - | Asso. Professor |
| | Vidyakiran Joshi | - | Visiting Faculty |
| **Gujarati:** | Dr. S.R.Dave | - | Asso. Professor |
| | Dr. K.B.Ganvit | - | Asso. Professor |
| | Dr. R.Y.Raval | - | Asso. Professor |
| **Sanskrit:** | Dr. R.M.Patel | - | Asso. Professor |
| | Dr. S.K.Patel | - | Asso. Professor |
| **Economics:** | Dr. B.A.Hadiyol | - | Asso. Professor |
| | Dr. M. K. Agrawal | - | Visiting Faculty |
| **Hindi:** | Dr. B.C. Ravat | - | Asso. Professor |
| **History:** | Dr. D.M.Patel | - | Assistant Professor |
| **Philosophy:** | Prof. D. V. Kamdar | - | Visiting Faculty |
| **Politics:** | Prof. V.I. Prajapati | - | Visiting Faculty |
| **P.T.I. :** | | - | Visiting Faculty |

## List of Administrative Staff

| | | | |
|---|---|---|---|
| 1. | Shri Vipul K. Patel | - | Jr. Clerk |
| 2. | Shri G. P.Raval | Adhoc | Jr. Clerk |
| 3. | Shri P. D.Goswami | " | Jr. Clerk |
| 4. | Shri K. D. Patni | " | Jr. Clerk |
| 5. | Shri Nainesh Gandhi | " | Jr. Clerk - Library |
| 6. | Shri H. D.Mejiyater | - | Peon |
| 7. | Shri B.C. Paladiya | - | Peon |
| 8. | Shri F. M. Pathan | " | Peon |
| 9. | Shri S. S. Chauhan | " | Peon |
| 10. | Shri B. V. Rajgor | " | Peon |
| 11. | Shri Dinesh Fosi | " | Peon |

## Last three years Results

| No. | Class | Year | College Result % | Uni. Result % |
|---|---|---|---|---|
| 1 | B.A. Sem-II | 2015-2016 | 80.90 | 62.04 |
| 2 | B.A. Sem-IV | | 78.90 | 49.00 |
| 3 | B.A. Sem-VI | | 93.72 | 56.24 |
| 4 | M.A. Sem - II | | 91.97 | 93.55 |
| 5 | M.A. Sem-IV | | 95.80 | 95.15 |
| 1 | B.A. Sem-II | 2016-2017 | 81.69 | 57.37 |
| 2 | B.A. Sem-IV | | 79.82 | 52.70 |
| 3 | B.A. Sem-VI | | 90.86 | 43.49 |
| 4 | M.A. Sem - II | | 91.02 | 86.19 |
| 5 | M.A. Sem-IV | | 94.67 | 86.19 |
| 1 | B.A. Sem-II | 2017-2018 | 88.78 | 74.82 |
| 2 | B.A. Sem-IV | | 79.14 | 63.00 |
| 3 | B.A. Sem-VI | | 79.80 | 45.78 |
| 4 | M.A. Sem - II | | 89.56 | 90.91 |
| 5 | M.A. Sem-IV | | 91.18 | 91.78 |

## STARS OF THE COLLEGE

1. Zarana Maheshvari (English, Uni. First. Gold Medal)
2. Mahesh Goswami (Gujarati, Uni. First. Gold Medal)
3. Arti Patel (Sanskrit, Uni. First. Gold Medal)
4. Shraddha Patel (English, Uni. First. Gold Medal)
5. Sweta Thakkar (English, Uni. First.)
6. Priyankaben Mohanbhai Chaudhary (Gujarati - Uni. First Gold Medal)
7. Kajalben Rajeshkumar Nai (English - Uni. First Gold Medal)
8. Switu N. Chauhan (English - Uni. First, Gold Medal)
9. Bharat C. Loh (NCC Republic Day Parade, Delhi)
10. Malay S.Rathod (NCC Republic Day Parade, Delhi)
11. Vijaysinh K. Rajaput (NCC Republic Day Parade, Delhi)
12. Harchand S. Chauhan (Indira Gandhi National Award-NSS)
13. Tanvi S. Thakkar (Debate, State Level First)
14. Rajesh M. Sengal (NSS, Best Volunteer Uni. Level)
15. Sangita Thakor (Judo, State level First)
16. Jaysinh Munji (10000 m. Run Uni. First)
17. Pinal B. Panchal (Jaydipsinh Bariya State Level Award by Gov. of Guj.)
18. Pareshkumar G. Chaudhary (Boxing, Uni. First, Gold Medal)
19. Mita Raval (Drama, Uni. First)
20. Poonam Mevada (Folkdance, Uni. First)
21. Dipali Thakkar & Pratiksha Patel ( Translation, State Level First)

# Various Activities Organised in the College

1. Shunya Bakshi Sahitya Vartul (Department of Gujarati)
2. Prahaladandev Sanskrit Sahitya Sabha (Department of Sanskrit)
3. Upon Avon Circle (Department of English)
4. Planning Forum (Department of Economics)
5. National Cadet Corps
6. National Service Scheme
7. Digital Educational Language Lab
8. SCOPE
9. Finishing School
10. Computer Certificate Course
11. Spoken Sanskrit Certificate Course
12. Spoken English Certificate Course
13. Yoga Certificate Course
14. Career Counseling cell
15. Placement Cell (UDISHA)
16. Consumer Protection Cell
17. Women Cell
18. Training for different competitive exams (after college hours)
19. Remedial coaching for SC, ST, OBC, and Minority students
20. Seminars, Workshops, Research activities
21. Lectures by learned scholars & Professionals
22. Sandhan
23. Vanchan - Vichar Vartul
24. Alumni Association
25. Nature Club
26. Youth Red Cross Unit and Thalassemia Test
27. Celebration of various national & Inter national days
28. Celebration of annual day cultural programmes
29. Send off parties for the out going students
30. Felicitation programmes for the staff and the students for outstanding achievements
31. Marathon Run
32. Cultural activities
33. Sports

## પ્રથમ વર્ષમાં પ્રવેશ અંગેના નિયમો

(૧) બી.એ. સેમ-૧ માં પ્રવેશ મેળવવા માટે પ્રવેશાર્થીએ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળાંત પરીક્ષા કે યુનિવર્સિટીએ તેની સમકક્ષ ગણેલ પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ.

(૨) ધોરણ-૧૨ નું પરિણામ જાહેર થયાના દસ દિવસની અંદર પ્રવેશ માટેની અરજીઓ સ્વીકારવામાં આવશે.

(૩) પ્રવેશ અરજીઓ સ્વીકારવાની તારીખ બાદ યુનિવર્સિટીના ધારાધોરણ અને નિયમો પ્રમાણે ગુણાનુક્રમે પ્રથમ પ્રવેશ યાદી કોલેજ નોટીસ બોર્ડ પર મૂકાશે, પ્રવેશ યાદી જાહેર કર્યા બાદ પાંચ દિવસમાં વિદ્યાર્થીએ નિયત ફી ભરી પ્રવેશ મેળવી લેવાનો રહેશે. સમય મર્યાદામાં પ્રવેશ નહી મેળવનારનો પ્રવેશ રદ ગણાશે. ગુણાનુક્રમે દ્વિતિય પ્રવેશ યાદી, પ્રથમ પ્રવેશ યાદીની મુદ્દત પુરી થયા બાદ બહાર પડશે.

(૪) પ્રવેશની સાથે નીચેના પ્રમાણપત્ર જોડવા.
- ધોરણ -૧૨ કે તેની સમકક્ષ પરીક્ષાની પ્રમાણિત નકલ.
- સ્કૂલ લીવીંગ સર્ટીફિકેટની પ્રમાણિત નકલ.
- ધો. ૧૨ ની પરીક્ષા જેટલા પ્રયત્ને પાસ કરી તે અંગે ના પ્રમાણપત્રની નકલ.
- અન્ય પ્રવૃત્તિમાં જોડાયા હોય તો તેના પ્રમાણપત્રો.
- પછાત વર્ગના વિદ્યાર્થીએ જાતી અંગેનો સક્ષમ અધિકારીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.
- બક્ષીપંચના વિદ્યાર્થીઓએ ક્રીમીલેયર અંગેનું પ્રમાણપત્ર
- બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગનું પ્રમાણપત્ર.
- જો અભ્યાસ તૂટ હોય તો રૂા. ૨૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર મામલતદાર કે નોટરી પાસે નમૂના મુજબનું સોગંદનામું કરાવવું.

(૫) પ્રવેશપાત્ર વિદ્યાર્થીએ ફી ભરતી વખતે યુનિવર્સિટીનું એનરોલમેન્ટ ફોર્મ, નિયત ફી તથા જરૂરી પ્રમાણપત્રો સાથે જોડવું. એનરોલમેન્ટ ફોર્મ સિવાય કોઈપણ વિદ્યાર્થી યુનિવર્સિટી પરીક્ષામાં બેસી શકે નહીં.

(૬) નિયમોમાં ફેરફાર અંગે નોટીસ બોર્ડ જોતાં રહેવું.

## અન્ય વર્ગોમાં પ્રવેશ અંગેના નિયમો

(૧) અન્ય સેમેસ્ટરમાં પ્રવેશ મેળવતા ઇચ્છતા આ કોલેજના વિદ્યાર્થીઓને પ્રથમ પ્રવેશ અપાશે. આવા વિદ્યાર્થીઓએ તેમની જે તે પાત્રતા પરીક્ષાનું પરિણામ જાહેર થયાના દસ દિવસમાં પ્રવેશ મેળવી લેવાનો રહેશે. તેમ કરવામાં નિષ્ફળ જનાર વિદ્યાર્થીનો આ કોલેજના જૂના વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવવાનો હક્ક રહેશે નહિ. આવા વિદ્યાર્થીઓને પ્રવેશની મુદ્દત વીત્યા બાદ વધારાના વિદ્યાર્થી તરીકે પ્રવેશ આપવાની પરવાનગી મળી શકશે નહી.

(૨) આ કોલેજના વિદ્યાર્થીઓને નિયત સમય મર્યાદામાં પ્રવેશ અપાયા બાદ જો કોઈ બેઠક ખાલી રહેશે, તો અન્ય કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ગુણાનુક્રમે ભરાશે.

(૩) પ્રવેશપત્ર સાથે છેલ્લી બધી જ પરીક્ષાના ગુણપત્રકની પ્રમાણિત નકલ જોડવી.

(૪) અન્ય કોલેજમાંથી આ કોલેજમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ સ્થળાંતર પ્રમાણપત્ર (ટી.સી.) લાવવાનું ફરજીયાત રહેશે.

(૫) અન્ય યુનિવર્સિટીમાંથી આવનાર વિદ્યાર્થીએ તે યુનિવર્સિટીનું માઇગ્રેશન સર્ટીફીકેટ મેળવ્યા પછી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી કામચલાઉ / ફાયનલ એલિજીબીલીટી સર્ટીફીકેટ મેળવવાનું રહેશે.

## અનુસ્નાતક વિભાગમાં પ્રવેશ અંગેના નિયમો

(૧) એમ.એ. સેમ-૧માં પ્રવેશ મેળવવા માટે પ્રવેશાર્થીએ કોઈ પણ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ સ્નાતક કક્ષાની પરીક્ષા કે યુનિવર્સિટીએ તેની સમકક્ષ ગણેલ પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ.

(૨) સ્નાતકનું પરિણામ જાહેર થયાના દસ દિવસની અંદર પ્રવેશ માટેની અરજીઓ સ્વીકારવામાં આવશે / **M.A.** માં યુનિ. ની પ્રવેશ પધ્ધતિ દ્વારા સીધો પ્રવેશ અપાશે.

(૩) પ્રવેશની સાથે નીચેના પ્રમાણપત્ર જોડવા :
(૧) સ્નાતક કે તેની સમકક્ષ પરીક્ષાનું અસલ ગુણપત્રક અને તેની પ્રમાણિત નકલ.
(૨) સ્કૂલ લીવીંગ સર્ટીફિકેટની અસલ અનુે પ્રમાણિત નકલ.
(૩) જાતીનો દાખલો અંગેની પ્રમાણિત નકલ.
(૪) બક્ષીપંચના વિદ્યાથીઓએ ક્રીમીલીયર અંગેના દાખલાની નકલ.
(૫) બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગનું પ્રમાણપત્ર.

(૪) પ્રવેશ આપ્યા પછી અસલ પ્રમાણપત્રો સહી સિક્કા કરી પરત કરવામાં આવશે.

(૫) પ્રવેશપાત્ર વિદ્યાર્થીએ ફી ભરતી વખતે યુનિવર્સિટીનું રજિસ્ટ્રેશન ફોર્મ, નિયત ફી તથા જરૂરી પ્રમાણપત્રો સાથે જોડવું. રજિસ્ટ્રેશન ફોર્મ ભર્યા સિવાય કોઈપણ વિદ્યાર્થી યુનિવર્સિટી પરીક્ષામાં બેસી શકશે નહીં.

## બી.એ. સેમ-૧ તથા એમ.એ. સેમ-૧ના પ્રવેશ માટે

પ્રવેશ અરજીઓ સ્વીકારવાની તારીખ બાદ યુનિવર્સિટીના ધારાધોરણ અને નિયમો પ્રમાણે ગુણાનુક્રમે પ્રથમ પ્રવેશ યાદી કોલેજ નોટીસ બોર્ડ પર મૂકાશે, પ્રવેશ યાદીજાહેર કર્યા બાદ વિદ્યાર્થીએ નિયત ફી ભરી પ્રવેશ મેળવી લેવાનો રહેશે. સમય મર્યાદામાં પ્રવેશ નહીં મેળવનારનો પ્રવેશ રદ ગણાશે. ગુણાનુક્રમે દ્વિતીય પ્રવેશ યાદી, પ્રથમ પ્રવેશ યાદીની મુદ્દત પૂરી ગયા બાદ બહાર પડશે.

## અગત્યના નીતિ-નિયમો

(૧) કોલેજે નક્કી કર્યા મુજબનો ડ્રેસ ફરજીયાત પહેરવાનો રહેશે.
(૨) કોલેજનો સમય સ્નાતક કક્ષાએ સવારે ૭:૧૫ થી ૧:૩૦નો રહેશે.
(૩) વિદ્યાર્થીએ કોલેજ સમયના ૧૦ મિનિટ પહેલાજ કોલેજ કેમ્પસમાં પ્રવેશ કરવો અને કોલેજ પૂર્ણ થયે દસ મિનીટ બાદ કોલેજ કેમ્પસ છોડી દેવું.
(૪) લેકચર સમય દરમ્યાન વિદ્યાર્થીઓએ બિલ્ડીંગ લોબીમાં ગમે તેમ ફરવું નહિ કે બેસવું નહિ.
(૫) દરેક વિદ્યાર્થીએ કોલેજમાં નિયમિત હાજરી આપવાની રહેશે. યુનિવર્સિટીના નિયમ પ્રમાણેની હાજરી કરતાં ઓછી હાજરીવાળા વિદ્યાર્થીઓ યુનિવર્સિટીની પરીક્ષામાં બેસી શકશે નહિ.
(૬) કોલેજના દરેક વિદ્યાર્થીએ કોલેજ કાર્યાલયમાંથી ઓળખપત્ર મેળવીને, તેમાં જરૂરી સહી સિક્કા કરાવીને ગળામાં પહેરી રાખવાનું રહેશે. ઓળખપત્ર સિવાય કેમ્પસમાં પ્રવેશી શકાશે નહિ.
(૭) સરકારશ્રીના પરીપત્ર મુજબ કોલેજ કેમ્પસમાં મોબાઇલ લાવવો નહી. જો કોલેજ કેમ્પસમાં કોઇપણ વિદ્યાર્થી પાસેથી મોબાઇલ પકડાશે તો શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.
(૮) કોલેજ કેમ્પસમાં ધુમ્રપાન કરવું નહી કે ગુટખા લાવવા નહીં.
(૯) વિદ્યાર્થીને પોતાના મિત્ર કે સબંધીને કોલેજ કેમ્પસમાં લાવવા ઉપર પ્રતિબંધ છે. જો અનિવાર્ય સંજોગોમાં બોલાવવાની જરૂર પડે તો સૌ પ્રથમ સીક્યુરીટી ગાર્ડ પાસે મસ્ટરમાં એન્ટ્રી કરાવીને ત્યારબાદ ઓફિસનો સંપર્ક કરવાનો રહેશે.
(૧૦) કોઇપણ પ્રકારની અશિસ્ત કે ગેરરિતિ આચરનાર વિદ્યાર્થી શિક્ષાને પાત્ર થશે.
(૧૧) કોલેજ નોટીસ બોર્ડ ઉપર અવાર-નવાર મુકાતી સૂચનાઓ વાંચવી અત્યંત આવશ્યક છે.
(૧૨) નાણાં ભર્યાની તમામ પાવતીઓ વિદ્યાર્થીએ વર્ષના અંત સુધી સાચવીને પોતાની પાસે રાખવી.
(૧૩) શિષ્યવૃત્તિ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ કોલેજ નિશ્ચિત કરેલ બેન્કમાં પોતાનું ખાતું ખોલાવેલ હોવું જોઇએ. અને પોતાનો બેંક એકાઉન્ટ નંબર પ્રવેશ ફોર્મમાં લખવો ફરજીયાત છે. બેંક ખાતા નંબર સિવાય શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવશે નહિ તેની નોંધ લેવી. વિદ્યાર્થી પાસે સ્કોલરશીપ માટે આધાર કાર્ડ હોવું ફરજીયાત છે.
(૧૪) કોલેજ ગ્રંથાલયનો ઉપયોગ કરનાર વિદ્યાર્થીએ ગ્રંથાલયના નિયમોનું પાલન કરવાનું રહેશે.
(૧૫) કોલેજ દ્વારા લેવાતી દરેક સેમિસ્ટરની આંતરિક કસોટી પરીક્ષામાં બેસવું ફરજીયાત છે. આંતરિક પરીક્ષા આપ્યા સિવાય યુનિવર્સિટી પરીક્ષામાં બેસી શકાશે નહિ.
(૧૬) કોલેજ પ્રવેશ અંગેના યુનિવર્સિટીના નિયમોની નકલ નોટીસ બોર્ડ ઉપર મૂકેલ છે.
(૧૭) શૈક્ષણિક કાર્ય પુરુ થઇ ગયા પછી વીજળીના બચતના ભાગરૂપે વર્ગખંડ/પ્રયોગશાળાના લાઇટ-પંખા બંધ કરવા તેમજ પાણીનો બગાડ કરવો નહીં.
(૧૮) વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વિદ્યાર્થીએ ઓછામાં ઓછી બે કો-કેરીકયુલર પ્રવૃત્તિઓમાં શિસ્તબધ્ધ ભાગ લે તે જરૂરી છે.
(૧૯) સ્વર્ણિમ ગુજરાત વર્ષ સંદર્ભે સપ્તધારા પૈકી કોઇપણ બે ધારામાં ભાગ લેવો ફરજિયાત છે.
(૨૦) કોલેજની પૂર્વ મંજૂરી વગર વિદ્યાર્થીઓ દ્વારા પિકનીક કે ટુરનું આયોજન કરી શકાશે નહિ.
(૨૧) વિદ્યાર્થીએ પોતાનું વાહન નિયત કરેલા પાર્કીંગ ઝોનમાં મૂકવાનું રહેશે.
(૨૨) દ્વિચક્રી વાહન લઇને આવતા વિદ્યાર્થીએ કેમ્પસમાં પ્રવેશ માટે ડ્રાઇવીંગ લાયસન્સ હોવુ અને હેલ્મેટ પહેરવું ફરજીયાત છે. ફોર વ્હીલર માટે પ્રવેશ નિષેધ છે.
(૨૩) ઉપરોકત નિતિ-નિયમો ન પાળનાર વિદ્યાર્થી સજાને પાત્ર થશે.

## અગત્યની સુચનાઓ

(૧) **અન્ય કોલેજમાંથી આવતા વિદ્યાર્થીઓ માટે :**
- સૌ પ્રથમ જે કોલેજમાં અભ્યાસ કરતા હોય ત્યાંથી એન.ઓ.સી. (નાવાંધા પ્રમાણપત્ર) મેળવી પ્રવેશ મેળવી શકે છે.
- પ્રવેશ મેળવ્યા બાદ પ્રવેશ તારીખથી એક માસની અંદર ટી.સી. (સ્થળાંતર પ્રમાણપત્ર) જમા કરાવવું જરૂરી છે.

(૨) **અન્ય યુનિવર્સિટીમાંથી આવતા વિદ્યાર્થીઓ માટે :**
- હેમ. ઉ.ગુ. યુનિ. પાટણની કોઇપણ કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તો સૌ પ્રથમ જે કોલેજમાં અભ્યાસ કરતાં હોય ત્યાંથી એન.ઓ.સી. મેળવી હેમ.ઉ.ગુ.યુનિ. પાટણમાંથી કામચલાઉ પ્રમાણપત્ર (એલીજીબીલીટી સર્ટી.) મેળવ્યા પછી હેમ. ઉ.ગુ.યુનિ. પાટણની કોઇપણ કોલેજમાં પ્રવેશ મેળવી શકાય છે.
- કામ ચલાઉ પ્રમાણપત્ર મેળવ્યા બાદ છેલ્લે જે યુનિ. માં અભ્યાસ કર્યો હોય ત્યાંથી માઇગ્રેશન સર્ટીફીકેટ મેળવવું.
- માઇગ્રેશન સર્ટીફીકેટ મેળવી હેમ. ઉ.ગુ.યુનિ. માં જમા કરાવવાથી ફાઇનલ એલિજીબીલીટી સર્ટીફીકેટ મળશે જે તે પ્રવેશ મેળવેલ કોલેજમાં જમા કરાવવું.

(૩) **માઇગ્રેશન સર્ટીફીકેટ તેમજ ફાઇનલ એલિજીબીલીટી સર્ટી. કઇ રીતે મેળવશો ?:**
- સૌ પ્રથમ જે યુનિ. માં અભ્યાસ કર્યો હોય ત્યાંથી માઇગ્રેશન માટેનું ફોર્મ મેળવી જે કોલેજમાં અભ્યાસ કર્યો હોય તે કોલેજમાં જઇ ટી.સી. કઢાવી તેના આધારે માઇગ્રેશન ફોર્મમાં સંપૂર્ણ વિગત સાથે ભરી એજ કોલેજના આચાર્યશ્રીના સહી-સિક્કા કરાવવા.
- સહી-સિક્કા કરાવેલ ફોર્મ લઇને જે યુનિ. માં અભ્યાસ કર્યો હોય ત્યાં જમા કરાવી માઇગ્રેશન સર્ટી મેળવવું.
- કામ ચલાઉ પ્રમાણપત્ર (એલીજીબીલીટી સર્ટી) તેમજ માઇગ્રેશન સર્ટી. જે યુનિ.માં અભ્યાસ કર્યો હોય ત્યાં જમા કરાવવાથી ફાઇનલ એલીજીબીલીટી સર્ટી મળશે. જે પ્રવેશ મેળવેલ જેતે કોલેજમાં પ્રથમ સત્રના અંત પહેલા જમા કરાવવાનું હોય છે.

(૪) કોલેજમાં નિયમ મુજબ લેવાતી આંતરીક કસોટીઓમાં હાજર રહેવું તેમજ ગુણાંકનમાં પાસ થવું જરૂરી છે.
(૫) અન્ય યુનિવર્સિટી, અન્ય કોલેજ કે આ કોલેજના સ્વનિર્ભર વર્ગમાંથી ગ્રાન્ટ ઇન એડ વર્ગમાં પ્રવેશ ફેરબદલી કરી આપવામાં આવશે નહીં.
(૬) કોમર્સમાં ગ્રાન્ટ ઇન એડ અંગ્રેજી માધ્યમ, સ્વનિર્ભર અંગ્રેજી માધ્યમ અને ગ્રાન્ટ ઇન એડ ગુજરાતી માધ્યમ ત્રણેયમાં પ્રવેશ માટે વિદ્યાર્થીએ અલગ અલગ પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે.

## નેક સ્ટુડન્ટસ ચાર્ટર

## (National Assessment and Accreditation Council)

ઉચ્ચ શિક્ષણ સાથે સંકળાયેલ દરેક વ્યકિત અથવા સમુહે શૈક્ષણિક ઉચ્ચત્તમ ધોરણો સિધ્ધ કરવા માટે ફરજીયાત ચોક્કસ ભૂમિકા ભજવવાની છે. ઉચ્ચ શિક્ષણ સાથે સંકળાયેલ સરકાર, સંસ્થાઓના વ્યવસ્થાપકો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને ગુણવત્તા તરફ જાગૃત સંસ્થાઓ સૌએ મહત્વનો ભાગ ભજવવાનો છે. ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા વધારવા માટે અલગ અલગ પરંતુ મહત્વની અને એક બીજાને પૂરક પુરવાર થાય એવી ભૂમિકા ભજવવાની છે. NAAC આ બાબતમાં આ બધા જ સંબંધિતોને મદદરૂપ થવા પ્રયત્નશીલ છે.

ઉચ્ચ શિક્ષણ સાથે સંકળાયેલ ઉપરોકત સમૂહો પૈકી વિદ્યાર્થીઓની ભૂમિકા વિશિષ્ટ પ્રકારની છે. પ્રથમ તો વિદ્યાર્થીઓએ સમજવાનું છે કે સારી ગુણવત્તાવળું શિક્ષણ મેળવવું એ એમનો હક્ક છે અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ વિદ્યાથીઓને સર્વોચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ આપવા માટે બંધાયેલ છે. બીજું વિદ્યાર્થીઓએ એટલા જ સક્રિય રહેવાનું છે કે સંસ્થા એમને સર્વોચ્ચ ગુણવાળું શિક્ષણ આપવા માટે શકિતમાન બને. ગુણવત્તાવાળું શિક્ષણ મેળવવાની માંગ ન કરે અને પોતાની જવાબદારીઓને બરાબર સ્વીકારે છે એવું વર્તન ન કરે તો ઉચ્ચ શિક્ષણ સંસ્થા વિદ્યાર્થીઓના આ હક્ક અને જવાબદારીઓ પર પ્રકાશ પાડતો કોઇ કરાર તૈયાર કરે જે સંસ્થાની પ્રવૃત્તિઓ અને વિકાસમાં મદદરૂપ થઇ પડે. વાસ્તવિકમાં આ પ્રકારનો લેખ એક કરાર, વિશેષતઃ વિદ્યાર્થી કરાર કહી શકાય.

આવો વિદ્યાર્થી કરાર દરેક ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાની એના વિદ્યાર્થીઓ તરફ શી જવાબદારીઓ છે તે સ્પષ્ટ કરી શકે અને વિદ્યાર્થીઓ એ સંદર્ભમાં સંસ્થા પાસેથી જવાબ માંગી શકે છે, એ માટે એમને જાગૃત કરી શકે છે. આવો કરાર વિદ્યાર્થીઓને પોતાની જવાબદારીઓ પરત્વે સજાગ રહેવામાં મદદરૂપ થઇ શકે. નેકે આવો એક વિદ્યાર્થી કરાર નમુનારૂપે તૈયાર કરી બધીજ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને પહોંચાડયો છે. સંસ્થાઓ પોત પોતાના ઉદ્દેશો, આદર્શો, હેતુઓ અને સ્થાનિક સંદર્ભો ધ્યાનમાં રાખી આમાં જરૂરી ફેરફારો કરી એ વિદ્યાર્થીકરાર અમલી બનાવી શકે છે. નેક ઇચ્છે છે કે આ પ્રકારનો વિદ્યાર્થી કરાર જાહેરમાં મૂકવામાં આવે જેથી કરીને સર્વોત્તમ ગુણવત્તાની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓના ભાગીદારીના કાર્યને વેગ મળે.

## વિદ્યાર્થી કરાર નમુનો

**(અ) સંસ્થાની પોતાના વિદ્યાર્થીઓ તરફની જવાબદારીઓ :-**

- બધાજ વિદ્યાર્થીઓને સંસ્થાના પોતાના ધ્યેયોની સુવ્યવસ્થિત જાણ કરવી.
- આ ધ્યેયોના અનુસંધાનમાં સંસ્થાએ વિદ્યાર્થીઓને કાર્યક્રમો આપવા.
- જરૂરી એકેડેમીક ફલેકસીબીલીટીવાળા અનેકવિધ કાર્યક્રમો વિદ્યાર્થીઓને આપવા.
- અભ્યાસક્રમોની શરૂઆતમાં, વચ્ચે–વચ્ચે અને અભ્યાસક્રમોમાં ફેરફાર કરતી વખતે વિદ્યાર્થીઓના ફિડબેકનો ઉપયોગ કરવો.
- અધ્યાપન– અધ્યયનના કાર્યક્રમો અસરકારક રીતે ચાલે તે માટે જરૂરી અનુકૂળતાઓ પુરી પાડવી.
- વિદ્યાર્થીઓના વિકાસને સતત ચકાસતા રહેવા માટે વિચારપૂર્વક તૈયાર કરેલ યોજના અમલમાં મૂકવી.
- વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવાની પદ્ધતિ અને વ્યવસ્થા વિશ્વાસપાત્ર અને બંધ બેસતી છે એવી ચોકસાઇ કરી લેવી.
- વિદ્યાર્થીઓને પ્રવેશ બાબત અને બધાજ અભ્યાસક્રમો પુરા કરવા માટે, ફીનું માળખું અને ફીના પૈસા પરત કરવાની નીતિ, આર્થિક મદદ અને વિદ્યાર્થી સહાય સેવાઓ વિશે સંપૂર્ણ માહિતી આપવી.
- સહાય સેવાઓ બધા જ વિદ્યાર્થીઓ માટે અસરકારક અને સારી રીતે ચાલે છે. એ ધ્યાન રાખવું.
- બધા જ વિદ્યાર્થીઓમાં મૂલ્યોની જાળવણી, સામાજિક જવાબદારીઓ અને માનભર્યું નાગરીકત્વ વિકસે એવા પ્રયત્નો કરવા.

**(બ) વિદ્યાર્થીઓની શિક્ષણ મેળવવા માટેની જવાબદારીઓઃ-**

- સંસ્થાના ધ્યેયોને સ્વીકારી સંસ્થાની પ્રવૃત્તિઓમાં ભાગ લઇ એ ધ્યેયોને સિધ્ધ કરવા જરૂરી યોગદાન આપવું.
- સંસ્થાના કાર્યક્રમો, પ્રવેશ પધ્ધતિ, નીતિનિયમો વિશે સ્પષ્ટ માહિતી મેળવવી.
- સંસ્થા દ્વારા થતાં અધ્યાપન–અધ્યયન કાર્યો અને મૂલ્યાંકન પધ્ધતિ યોગ્ય રીતે સમજવાં
- સંસ્થાનાં સમયપત્રકો અને નીતિ નિયમો અનુસરવાં
- સફળતા માટે આપવામાં આવતા શૈક્ષણિક સાધન સામગ્રીનો ઉપયોગ નિયમિત અને ખૂબજ ઉત્તમ રીતે કરવા પ્રયત્ન કરવા.
- સંસ્થાના શૈક્ષણિક સાધનસમગ્રી અને બીજી સહાય સેવાઓનો વધારેમાં વધારે ઉપયોગ કરવો.
- સતત આંતરિક એસાઇનમેન્ટસ અને સત્રાંત પરિક્ષાઓ માટે તૈયારીઓ કરવી.
- પધ્ધતિ સુધારણા માટે ફિડબેક આપતા રહેવું.
- આજીવન અભ્યાસ કરી શકાય એવી શ્રધ્ધા ક્ષમતા રાખવાં.
- સંસ્થાના ગર્વપાત્ર ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે જીવવું.

## ફીનું માળખું

- યુનિ. અને સરકારશ્રીના નિયમો મુજબ રહેશે જેની વિગતવાર માહિતી કોલેજના નોટીસબોર્ડ ઉપર દર્શાવવામાં આવે છે.

## Other Educational Institutions and Centers run by
# Banaskantha District Kelavani Mandal, Palanpur

(1) R.R. Mehta College of Science.

(2) C.L.Parikh College of Commerce.

(3) B.K. Mercantile Bank Law College.

(4) Smt. Bhanumatiben Kantilal Mehta I.T. Centre (B.C.A. College).

(5) Smt. Taraben Himmatlal Mehta P.G.D.C.A. Centre

(6) B.L.Parikh College of B.B.A.

(7) M.A.Parikh Fine Arts and Arts College

(8) Smt. Shantaben Adani Institute of Professional Courses

(9) Dr. Ushaben K. Mehta Research Centre

(10) Jormalbhai M.Mehta & Smt. Laxmiben J. Mehta Central Library

(11) Kalidas S. Doshi Research Library

(12) Digital Educational Language Lab

(13) IGNOU Centre

(14) Dr. Babasaheb Ambedkar Open University Centre

(15) U. N. Mehta Indoor Gymkhana & Fitness Centre

(16) Shri Galbabhai Nanjibhai Patel Boys' Hostel

(17) Smt. Lilaben C. Parikh Audio Visual Hall

(18) K. Girdharlal Open Air Theater

(19) Rosy Blue Pavilion

(20) Gunvantiben Chinubhai Choksi Kalabhavan

## Prizes and Scholarship from Banaskantha District Kelvani Mandal

(1) Shri Surajmal Lallubhai Zaveri Trust Merit Scholarships
(2) Shri Narsinhbhai Becharbhai Patel Paritoshik
(3) Smt. H. H. Dalal Sanskrit Prize
(4) Kaushalya Rathi Prize
(5) Kum. Shanuben Shukla Sarvottam Chhatra Paritoshik
(6) Late Shri Nagardas Jethalal Doshi Sarvottam Chhatra Paritoshik (T.Y.B.A. English)
(7) Dr. Kishorsinh Solanki Sarvottam Chhatra Paritoshik (T.Y.B.A. Gujarati)
(8) Shri Natvarlal Yagnik Gold Medal (T.Y.B.A. Sanskrit)

## Other Scholarships

- Scholarship from Mahindra finance Service Limited

## Central / State Govt. Scholarships


(1) S.C. Scholarship
(2) S. T. Scholarship
(3) O.B.C. (Baxi Panch) Scholarship
(4) Handicap Scholarship
(5) Minority Scholarship
(6) MYSY Scheme


# Important Contacts

| | | |
|---|---|---|
| **Anti Raging** | Dr. S. G. Chauhan | 94264 11500 |
| | Dr. B. A. Hadiyol | 98243 93847 |
| **Woman Sexual Harassment** | Dr. S. K. Patel | 94280 23071 |
| **Medical Emergency** | | 108 |
| **Police** | | 100 |
| **Woman Helpline** | | 181 |

**HNGU Website** www.ngu.ac.in

# Photo Gallery


Group Dance


Group Dance


Boxing University Campion Gold Medal


University Basketball Champion


Mini Marathon



Guest Lecture


Debate State Level First



Best N.S.S. Volunteer Uni. Level

# Photo Gallery


Rs. 80/-



Award by the President of India



Award by the Governor of Gujarat




Prize Distribution



Prize Distribution




Alumni - Meet




Mahindra Scholarship Distribution



Flag Hoisting



NCC Cadet at RDC Delhi